# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

**વેબ સાઈટ્સઃ hc-ojas.gujarat.gov.in તથા gujarathighcourt.nic.in**

## જાહેરાત ક્રમાંકઃ આર.સી./૧૪૩૪/૨૦૨૫(ડ્રાઈવર)

### ગુજરાત રાજ્યના જિલ્લા ન્યાયાલયોમાં 'ડ્રાઈવર'ની સીધી ભરતી

| ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| **ઓનલાઈન અરજી કરવાની શરૂ થતી તારીખ અને સમય** | તા.૧૬/૦૫/૨૦૨૫ | બપોરે ૧૨:૦૦ કલાકથી |
| **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય** | તા.૦૬/૦૬/૨૦૨૫ | રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી |
| યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ (નોંધ :અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે.) | | |
| **હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા** | તા.૦૬/૦૭/૨૦૨૫ | |
| **ડ્રાઈવિંગ / સ્કિલ ટેસ્ટ** | અંદાજીત ઓગસ્ટ – ૨૦૨૫માં | |

**નોંધ** : ૧. ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોઈ, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેક્નીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.**

૨. ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સંબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે, ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સંબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે **હાઈકોર્ટ ખાતે ફોન ન કરતાં, ઉપર દર્શાવેલ વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્યના જિલ્લા ન્યાયાલયો હસ્તકની **'ડ્રાઈવર'**ની સીધી ભરતીની **કુલ–૮૬** જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

## ૧. (ક) કક્ષા / કેટેગરી મુજબ જગ્યાઓ :

| કુલ જગ્યા | કુલ જગ્યાઓ પૈકી કક્ષા/કેટેગરી માટે અનામત જગ્યાઓ | | | | | સ્ત્રીઓ માટે અનામત જગ્યાઓ (કક્ષા/કેટેગરી દીઠ જગ્યાઓપૈકી) | | | | | કુલ જગ્યાઓ પૈકી Ex-Service men અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | General | SC | ST | SEBC | EWS | General | SC | ST | SEBC | EWS | |
| ૮૬ | ૬૪ | ૦૪ | ૦૫ | ૧૨ | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

**નોંધ: ઉપરોક્ત દર્શાવેલ ૮૬ જગ્યાઓની જિલ્લાદીઠ જુદાં–જુદાં સંવર્ગમાં ખાલી જગ્યાની સંખ્યા દર્શાવતું પત્રક એનેક્ષર–'એ' માં સામેલ છે.**

(૧) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર હાઈકોર્ટને રહેશે.

(૨) ડ્રાઈવરની ફરજ અને કામગીરીનો પ્રકાર જોતા **'શારીરિક રીતે અશક્ત વ્યક્તિ/ડીફરન્ટલી એબલ્ડ'** ઉમેદવારો અરજી કરી શકશે નહીં.

**(ખ) <u>પગાર ધોરણ (૭ માં પગારપંચ પ્રમાણે)</u> :- રૂ.૧૯,૯૦૦-૬૩,૨૦૦/-**

## ૨. <u>અનામત:</u>

**(ક)** અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS), મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક (Ex-Servicemen) ઉમેદવારોના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઈઓ / નીતિઓ લાગુ પડશે.

**(ખ)** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

## ૩. <u>યોગ્યતા / લાયકાત અંગેના ધોરણો:</u> (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

**(ક) <u>જરૂરી લાયકાત:</u>**

(૧) ઉમેદવારે સરકાર માન્ય બોર્ડમાંથી **ધોરણ-૧૨ કે તેને સમકક્ષ** સરકાર માન્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(૨) ઉમેદવાર જે તે સમયે **૩ વર્ષ જુનું માન્ય લાઈટ અને/અથવા હેવી મોટર ડ્રાઈવીંગ લાઈસન્સ** ધરાવતા હોવા જોઈએ.

(૩) ઉમેદવાર વાહન વ્યવહારને લગતી નિશાનીઓ, ઈશારા (ટ્રાફિક સાઈન, ટ્રાફિક સિગ્નલ, હાથના ઈશારા) તેમજ વાહનની જાળવણી, સારસંભાળ અને મરામત વિગેરેને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૪) વાહનની મરામત અને મિકેનીઝમ અંગેની આવડત ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

(૫) **પુરુષ** ઉમેદવાર **૧૬૨ સે.મી. ઉંચાઈ** ધરાવતા હોવા જોઈએ. (**અનુ.જનજાતિના** ઉમેદવારો **૧૫૮ સે.મી. ઉંચાઈ** ધરાવતા હોવા જોઈએ) તથા ઉમેદવાર **૫ સે.મી. છાતી ફુલાવ્યા બાદ ૮૪ સે.મી. થી ઓછી છાતી ધરાવતા ન** હોવા જોઈએ.

(૬) **સ્ત્રી** ઉમેદવાર **૧૫૮ સે.મી. ઉંચાઈ** ધરાવતી હોવી જોઈએ. (**અનુ.જનજાતિની** સ્ત્રી ઉમેદવાર **૧૫૫ સે.મી. ઉંચાઈ** ધરાવતી હોવી જોઈએ).

(૭) ઉમેદવાર ચશ્મા સહિત કે ચશ્મા રહિત એકંદરે સ્પષ્ટ અને તંદુરસ્ત દ્રષ્ટી ધરાવતા હોવા જોઈએ તથા ઉમેદવારને રતાંધણાપણા/રંગઅંધત્વની ખામી ન હોવી જોઈએ.

(૮) ડ્રાઈવરની ફરજ અને કામગીરીનો પ્રકાર જોતા, ઉમેદવાર ત્રાંસી નજર, ઝામર અને/અથવા એક જ આંખ (એક જ આંખ કાર્યરત) કે આંખની અન્ય કોઈપણ ખામી ધરાવતા ન હોવા જોઈએ.

(૯) ઉમેદવાર સરકાર દ્વારા નિયત કર્યાનુસાર કોમ્પ્યુટર અંગેનુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. (ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૨૦૦૮ ના ઠરાવ મુજબ)

(૧૦) ઉમેદવારને અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાનું પુરતું જ્ઞાન હોવુ જોઈએ.

**(ખ) અનુભવ –**

ઉમેદવાર સરકારી/ખાનગી સંસ્થા કે કોઇ વ્યક્તિ સાથે ડ્રાઈવિંગનો અંદાજે **૫ વર્ષનો અનુભવ** ધરાવતા હોવા જોઈએ.

**(ગ) વયમર્યાદા –**

| ન્યુનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૨૩ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

**(ઘ) વયમર્યાદામાં છૂટછાટ –**

(૧) અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS), મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક (Ex-Servicemen) ઉમેદવારના કિસ્સામાં સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઈઓ/નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છૂટછાટ | માજી સૈનિક | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૦૩ વર્ષ | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નીચે (ઘ) (૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./ આ.ન.વ. (ફક્ત ગુજરાત મૂળના ઉમેદવારો માટે) | ૫ વર્ષ | | |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે :

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગું પડતી ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો બન્નેમાંથી જે ઓછું હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

દા.ત. જો કોઇ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઈ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે, એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

**નોંધ:** ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ કોઈપણ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઈએ.

## ૪. પરીક્ષા ફી અને ફી ભરવાની રીતઃ

(૧) ઉમેદવારે HC-OJAS પોર્ટલ-https://hc-ojas.gujarat.gov.in **ઉપલબ્ધ પેમેન્ટ ઓપ્શનના** SBI e-Pay માધ્યમ દ્વારા નીચે મુજબ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય ઉમેદવારો માટે | અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./આ.ન.વ./ માજી સૈનિક ઉમેદવાર |
|---|---|
| રૂ.૧૦૦૦/- + બેંક ચાર્જીસ | રૂ.૫૦૦/- + બેંક ચાર્જીસ |

(૨) ફી ભરવાની રીત HC-OJAS પોર્ટલ ઉપર ઉપલબ્ધ **"Online Payment Instructions"** ઓપ્શન દ્વારા જોઈ શકાશે.

## ૫. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણ ભાર | સમયગાળો |
|---|---|---|---|
| (ક) | હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | ૫૦ ગુણ | ૪૫ મિનિટ |
| (ખ) | ડ્રાઈવીંગ/સ્કિલ ટેસ્ટ | ૧૦૦ ગુણ | - |

### (ક) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા:

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ **૫૦ ગુણની** રહેશે, જે 'કોમ્પ્યૂટર બેઝડ ટેસ્ટ' **(CBT)** માધ્યમ દ્વારા લેવામાં આવશે. જેમાં **હેતુલક્ષી પ્રકારના કુલ ૫૦ પ્રશ્નો** (દરેકનો ૦૧ ગુણ) રહેશે.

(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.

(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **0.33 નકારાત્મક ગુણ** રહેશે.

(૪) પરીક્ષાનો સમયગાળો **૪૫ મિનિટ** નો રહેશે.

(૫) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ગુજરાતી ભાષા |
| ૨ | સામાન્ય જ્ઞાન, રોજબરોજની ઘટનાઓ અને ગુજરાતની ભૂગોળ |
| ૩ | પાયાનું ગણિત |
| ૪ | વાહન/મોટરનું પાયાનું જ્ઞાન |
| ૫ | વાહન/મોટરના કાયદાને લગતું પાયાનું જ્ઞાન |
| ૬ | ટ્રાફિક રૂલ્સ |

(૬) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો તેમજ માજી સૈનિક જેવી અનામત કક્ષા હેઠળ આવતા ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા **૪૫% ગુણ** મેળવશે, જ્યારે તે સિવાયના અન્ય ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦% ગુણ** મેળવશે તેવા ઉમેદવારોને જ ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૭) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૮) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

(૯) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા 'કોમ્પ્યૂટર બેઝડ ટેસ્ટ' **(CBT)** હોવાથી કોઈપણ સંજોગોમાં હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાની જવાબવહી/ઉત્તરવહીના **રીચેકીંગ/રીએસેસમેન્ટ/ફરીથી મૂલ્યાંકન** અંગેની ઉમેદવારની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેકે નોંધ લેવી.

(૧૦) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ માટે યોગ્ય/લાયક ગણવામાં આવશે.

## (ખ) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ:

(૧) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ **કુલ ૧૦૦** ગુણની રહેશે.

(૨) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ હાઈકોર્ટે નક્કી કરેલ ધારા-ધોરણ મુજબ લેવામાં આવશે.

જેમાં નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવશે:

- સ્ટાર્ટીંગ (Starting)
- ફોરવર્ડ ડ્રાઈવીંગ (Forward Driving)
- ટર્નિંગ (Turning)
- ઓવરટેકીંગ (Overtaking)
- રીવર્સીંગ (Reversing)
- પાર્કીંગ (Parking)
- કાર મિકેનિક્સ, ઈલેક્ટ્રોનિક્સની પરિચિતતા અને સારસંભાળ અંગેનું જ્ઞાન (Familiarity of Car Mechanics, Electronics & Knowledge of Maintenance)
- સામાન્ય દ્રષ્ટિકોણ (General Approach)
- સુરક્ષા અને જવાબદારી (Safety and Responsibility)
- રીતભાત અને વલણ (Manner and Attitude)

(૩) ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટ **અમદાવાદ અથવા જિલ્લા મુખ્ય મથક** ખાતે લેવામાં આવશે.

(૪) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે ડ્રાઈવિંગ/સ્કિલ ટેસ્ટમાં ઉમેદવારોએ ઓછામાં ઓછા **૮૦ ગુણ ('એ' ગ્રેડ)** મેળવવાનાં રહેશે.

## ૬. પસંદગીના જિલ્લા સબંધિત :

ઉમેદવારે ઓનલાઇન અરજી સમયે નિમણૂક માટે કોઇપણ ત્રણ જિલ્લાની ઉતરતા ક્રમમાં પસંદગી કરવાની રહેશે. એકવાર અરજી કન્ફર્મ થઇ ગયા બાદ, ઉમેદવારે પસંદ કરેલ ત્રણ જિલ્લા સબંધિત સુધારા અંગેની કોઇપણ પ્રકારની અરજીને કોઇપણ તબક્કે ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૭. પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી:

(૧) પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી, ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા તેમજ ડ્રાઈવિંગ ટેસ્ટ એમ બંને પરીક્ષામાં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઇ, **મેરીટને આધારે** તૈયાર કરવામાં આવશે.

(૨) **પસંદગી યાદી અને કેન્દ્રિયકૃત પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઇકોર્ટ વેબસાઇટ** ઉપર મૂકવામાં આવશે અથવા હાઇકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવાર પરીક્ષા/ટેસ્ટમાં સફળ થવા અથવા પસંદગી યાદી / કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવા હકદાર બનશે નહી.

(૪) **કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી** કુલ પ્રકાશિત કરેલ જગ્યાઓની સંખ્યાના **૧૦ ટકા**થી વધે નહીં તેટલી સંખ્યા માટે તૈયાર કરવામાં આવશે જેનો ઉપયોગ પ્રવર્તમાન નીતિ–નિયમો અને જરૂરિયાત મુજબ કરવામાં આવશે.

(૫) પસંદગી યાદી અને કેન્દ્રિયકૃત પ્રતિક્ષા યાદીનો સમયગાળો પ્રકાશિત કરેલી જગ્યાઓ ભરાઇ જાય ત્યાં સુધી અથવા તો પ્રકાશિત થયાથી ૦૧ વર્ષ, આ બન્નેમાંથી જે વહેલા હશે/થશે ત્યાં સુધી જ માન્ય રહેશે.

(૬) પસંદગી યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનાર ઉમેદવારને તેની કેટેગરી, મેરીટ, પસંદગીના જિલ્લા તેમજ ઉપલબ્ધ જગ્યાને ધ્યાને રાખી નિમણૂક આપવામાં આવશે.

(૭) ઉમેદવારને જિલ્લાની ફાળવણી પ્રવર્તમાન નિયમોને આધિન કરવામાં આવશે જે ઉમેદવારને માન્ય અને બંધનકર્તા રહેશે.

જે તે જિલ્લામાં ઉપલબ્ધ જે તે કેટેગરીની જગ્યા મુજબ તૈયાર કરવામાં આવેલ જિલ્લાવાર ઉમેદવારોની પસંદગી યાદી, જે તે જિલ્લા/ન્યાયાલયના પ્રિન્સિપાલ જ્યુડિશિયલ ઓફિસર સાહેબને મોકલવામાં આવશે. આવી યાદી મેરિટ, જે તે કેટેગરીની ઉપલબ્ધ જગ્યાઓ, ઉમેદવારની કેટેગરી અને ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જિલ્લાઓની પસંદગી ધ્યાને લઇ તૈયાર કરવામાં આવશે. મેરીટમાં ઉમેદવારના ક્રમના કારણે અથવા અન્ય કોઈ કારણોસર, જો ઉમેદવારને તેની પસંદગીના જિલ્લામાં નિમણૂક આપવી શક્ય નહીં હોય તો, તેના પસંદગીના જિલ્લા સિવાયના અન્ય કોઈપણ જિલ્લામાં ફાળવણી કરવામાં આવશે, જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

"જો કોઇ ઉમેદવાર મેરીટ લિસ્ટમાં નિમ્ન ક્રમે સ્થાન ધરાવતો હશે અને તેના દ્વારા આપવામાં આવેલ પસંદગીના જિલ્લામાં, મેરીટ લિસ્ટમાં અગ્રિમ સ્થાન ધરાવતા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ હશે, તો તેવા ઉમેદવારને તેના મેરીટ, તેની કેટેગરી અને ઉપલબ્ધ જગ્યાને ધ્યાને લઇ, શક્ય હશે તો તેણે આપેલ પસંદગીના ત્રણ જિલ્લા પૈકીના કોઇ જિલ્લાની નજીકના જિલ્લામાં નિમણૂક આપવામાં આવશે."

(૮) હાઇકોર્ટ સમિતિની ભલામણ/સૂચનાનુસાર, જે તે જિલ્લાના પ્રિન્સિપાલ જ્યુડીશીયલ ઓફિસર દ્વારા સબંધિત ઉમેદવારને **નિમણૂકપત્ર** આપવામાં આવશે.

(૯) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂક, નિયત શરતોને આધીન નિયત સમયમર્યાદામાં નિયમાનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણૂકનો હક ગુમાવશે** અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂક આપવા અંગેની

વિચારણા કરવામાં આવશે નહીં અને હાઇકોર્ટ દ્વારા પસંદગી યાદી / કેન્દ્રીયકૃત પ્રતિક્ષાયાદી મુજબ અન્ય ઉમેદવારોને નિમણૂક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ૮. નિમણૂક માટેની અયોગ્યતા:

નીચે મુજબની વ્યકિત નિમણૂક માટે અયોગ્ય ગણાશે:

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તેવી વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને કોઈ ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેણે ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ–લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય,

(૬) ઉમેદવાર જે કોઈપણ પરીક્ષા/ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય સામગ્રી સાથે પકડાયેલ હોય અને/અથવા પરીક્ષામાં ગેરરીતી આચરેલ હોય.

## ૯. ઓનલાઈન અરજી કરવાની રીત:

ઓનલાઈન અરજી કરવાની રીત HC-OJAS પોર્ટલ ઉપર ઉપલબ્ધ "How to Apply – User Manual" ઓપ્શન દ્વારા જોઈ શકાશે.

## ૧૦. સામાન્ય સૂચનાઓ:

(૧) હાઈકોર્ટની રોજબરોજની કામગીરીને અડચણ ન થાય તે માટે ઉમેદવારે ભરતી સંબંધિત પૂછપરછ માટે ફોન દ્વારા અથવા રૂબરૂમાં હાઈકોર્ટનો સંપર્ક કરવો નહીં, તેને બદલે નવીનતમ/અદ્યતન માહિતી માટે હાઈકોર્ટની ઉપરોક્ત **વેબસાઈટ્સ** તથા પોતાની ઓનલાઈન અરજીમાં દર્શાવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબરમાં **SMS** સમયાંતરે ચેક કરતાં રહેવું.

(૨) ઉપલી વયમર્યાદા/ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC/ST/SEBC/EWS/Ex-Servicemen** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ મંગાવે ત્યારે 'ડોક્યુમેન્ટ વેરીફિકેશન' સમયે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

SEBC/EWS ઉમેદવારોના કિસ્સામાં, ઓનલાઈન અરજી કરતી વખતે, માન્ય નોન–ક્રિમિલેયર/EWS સર્ટિફિકેટ ધરાવતાં હોવાં જોઈએ અને જ્યારે પણ હાઈકોર્ટ દ્વારા તે રજૂ કરવાનું જણાવવામાં આવે, ત્યારે ઉમેદવારે અસલ (ઓરિજિનલ) (તેની ઓનલાઈન અરજીમાં દર્શાવેલ) સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. આ અંગેનો આખરી નિર્ણય લેવાનો અધિકાર હાઈકોર્ટ પાસે રહેશે અને તે તમામ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૩) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરી હશે અને નિયત સમયમાં નિયત ફી ભરી હશે તે ઉમેદવારોને જ હેતુલક્ષી પ્રકારની લેખીત પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવશે.

(૪) ઉમેદવારની યોગ્યતા અથવા કોઈપણ પરીક્ષા/ટેસ્ટમાં બેસવા/આપવા દેવા માટે હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઈકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર/કોલલેટર' ઈસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષા/ટેસ્ટમાં બેસવા/આપવા દેવામાં આવશે નહીં.

(૫) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, જે તે પરીક્ષા/ટેસ્ટમાં હાજર રહેવા, ઉમેદવારે **સ્વખર્ચે** આવવા–જવાનું રહેશે. પરીક્ષા/ટેસ્ટમાં કોઇ અનધિકૃત ઉમેદવારો હાજર ન રહે તે માટે પરીક્ષા કેન્દ્ર ઉપર તમામ ઉમેદવારોની બાયોમેટ્રિક માહિતી મેળવવામાં આવશે તેમજ તેમની ઓળખની તપાસ કરવામાં આવશે, જે માટે ઉમેદવારોએ સ્ટાફને સહકાર આપવાનો રહેશે.

(૬) ઉમેદવારે **https://hc-ojas.gujarat.gov.in** વેબસાઈટ પરથી અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ અન્ય માધ્યમ દ્વારા પરીક્ષા/ટેસ્ટ માટેનો પ્રવેશપત્ર/કોલલેટર, ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ પરીક્ષા/ટેસ્ટ સમયે રજૂ કરવાનો રહેશે.

**<u>નોંધ:</u>** ઉમેદવાર ઉપર જણાવેલ HC-OJAS પોર્ટલ પરથી જે તે પરીક્ષા/ટેસ્ટનો પ્રવેશપત્ર/કોલલેટર જે તે પરીક્ષા/ટેસ્ટના એક સપ્તાહ અગાઉ તથા જે તે પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવી.

(૭) જે તે સમયે યોગ્ય ઉમેદવારોની યાદી ઉપર દર્શાવેલ હાઈકોર્ટ વેબસાઈટ્સ ઉપર મૂકવામાં આવશે.

(૮) ઉમેદવારે જે તે પરીક્ષા/ટેસ્ટ વખતે **પ્રવેશપત્ર/કોલલેટર અને નીચે આપેલ પૈકી કોઈપણ એક અસલ ઓળખપત્ર** તેમજ તેની એક નકલ સાથે લઈને આવવાનું રહેશે.
**(માન્ય (valid) આધારકાર્ડ/ઈ–આધાર, ચૂંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, ફોટોગ્રાફ સાથેની બેન્ક પાસબુક, સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડાએ ઈસ્યુ કરેલ ઓળખપત્ર)**
**કોઈપણ ઉમેદવારને ઉપરોક્ત ઓરીજનલ ઓળખપત્ર રજૂ કર્યા સિવાય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિં.**

(૯) દરેક ઉમેદવારને **મોબાઈલ/સેલફોન/સ્માર્ટ ફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો, સ્ટોરેજ ડિવાઈસીસ કે અન્ય કોઈપણ અનઅધિકૃત સાહિત્ય–સામગ્રી** સાથે લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ ફરમાવવામાં આવે છે.

(૧૦) જો કોઈ ઉમેદવાર પરીક્ષા/ટેસ્ટના સમયગાળા દરમિયાન કોઈ **ગેરરીતિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવું અથવા ઉપર જણાવેલ યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલ વગેરેનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડાં કરવા અથવા જે તે પરીક્ષા/ટેસ્ટ સાથે સંબંધિત હોય તેવી કોઈપણ વ્યક્તિની મદદ લેવી અથવા અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તેવાં ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

**<u>નોંધ:</u> હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં.**

(૧૧) જો ઉમેદવાર સામે/દ્વારા કોઈપણ FIR/ફોજદારી કેસ/દિવાની કેસ/ફરિયાદ દાખલ કરવામાં આવી હશે, તો આવા ઉમેદવારની ઉમેદવારી અંગે ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય અંતિમ રહેશે અને જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૧૨) તબીબી કટોકટીના કિસ્સામાં, હેતુલક્ષી પ્રકારની લેખીત પરીક્ષામાં જો કોઈ ઉમેદવાર લહિયા (scribe)ની સુવિધા પ્રાપ્ત કરવા માંગતો હોય, તો તેણે/તેણીએ અગાઉથી એટલે કે પરીક્ષાની તારીખના એક અઠવાડિયા પહેલા લેખિતમાં અરજી કરવી પડશે અને તેના માટે જરૂરી ફી પણ ચૂકવવી પડશે. લહિયો (scribe) ફક્ત હાઈકોર્ટ દ્વારા જ આપવામાં આવશે. વધુમાં, ઉમેદવારે તેની આ અંગેની અરજીના સમર્થનમાં જરૂરી તબીબી પ્રમાણપત્રો રજૂ કરવા પડશે.

(૧૩) ઉમેદવારોની જે તે યાદી(લીસ્ટ) તૈયાર કરવા માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઈકોર્ટને આખરી સત્તા રહેશે.

(૧૪) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાતપણે નક્કી કરેલ ધારા-ધોરણ મુજબ મેડીકલ ઓથોરિટી પાસે મેડીકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જ્યાં સુધી તબીબી સત્તાધિકારી (મેડીકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણુક અથવા નિમણુક પામેલ ઉમેદવારને લાંબાગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૧૫) જ્યારે હાઈકોર્ટ દ્વારા નિયત કરેલ સ્થળે અને સમયે, પ્રમાણપત્ર ચકાસણી/ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે ઉમેદવારને બોલાવવામાં આવે ત્યારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા **તે પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ સુવાચ્ય નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનું રહેશે.

(૧) નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી કન્ફર્મ થયેલ **ઓનલાઈન અરજીની પ્રિન્ટઆઉટ** અને **ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/ફી ભર્યા અંગેનો પુરાવો'** ની કોપી.

(૨) **શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનું પ્રમાણપત્ર.**

(૩) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત [સૂચના ક્રમાંક-૩(ક)(૧) મુજબ] અંગેનું માન્ય બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક/પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતાં હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક (માર્કશીટ)/**પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(૪) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ ના ઠરાવ મુજબ **કોમ્પ્યુટર જ્ઞાન** ધરાવતાં હોવા અંગેનુ પ્રમાણપત્ર

(૫) લાઈટ મોટર વ્હિકલ (LMV) અને/અથવા હેવી મોટર વ્હિકલ (HMV) ચલાવવા અંગેનું માન્ય (valid) ડ્રાઈવિંગ લાઈસન્સ

(૬) ડ્રાઈવિંગના અનુભવ અંગેનું પ્રમાણપત્ર [સૂચના ક્રમાંક-૩(ખ) મુજબ]

(૭) અનુસૂચિત જાતિ (SC)/અનુસૂચિત જનજાતિ (ST)/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)નાં ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ).

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)નાં ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ.**

**આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ઉમેદવારના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.** જેની માન્યતા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત જોગવાઈઓ મુજબની હોવી જોઈએ.

(૮) **માજી સૈનિક** (Ex-Servicemen) ઉમેદવારના કિસ્સામાં **ઓળખકાર્ડ, ડિસ્ચાર્જબુક** તેમજ સંબંધિત તમામ **પ્રમાણપત્રો /દસ્તાવેજો.**

(૯) રાજ્ય/કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં **અસલ 'ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate)'.**

(૧૦) જો નામ કે અટકમાં ફેરફાર કરાવેલ હોય તો, તે અંગેના **સરકારી રાજપત્ર (ગેઝેટ)** ની નકલ

(૧૧) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ./એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત બે અલગ-અલગ વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય અંગેના બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)** અને પ્રમાણપત્ર આપનાર ઉમેદવારના સગપણમાં ન હોવા જોઈએ.

(૧૨) જો ઉમેદવાર સામે/દ્વારા કોઈ ફોજદારી/દિવાની કે અન્ય કોઈ કેસ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઇ.આર./ચાર્જશીટ/જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (જો ઉમેદવાર સામે કોઇ કેસ થયેલ હશે અને ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી).

(૧૩) સૂચના ક્રમાંક - ૧૦(૮)માં જણાવેલ પૈકીનામાંથી **કોઈપણ એક ઓરીજીનલ ઓળખપત્ર અને તેની નકલ.**

(૧૬) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઇ રીતે નિમણૂક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો/પ્રલોભનો/રજૂઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૭) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ-લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

**૧૧. <u>આર.ટી.આઇ. એક્ટ હેઠળ અરજીઃ</u>**

સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઇ. એક્ટ હેઠળની કે અન્ય કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

**૧૨. આ ભરતી સબંધિત કોઈપણ બાબતે નામદાર હોઈકોર્ટનો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.**

**હાઈકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦**
**તારીખ : ૧૪/૦૫/૨૦૨૫**

**સહિ/-**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ)**

*ANNEXURE - 'A'*

# HIGH COURT OF GUJARAT, SOLA, AHMEDABAD

**No.RC/1434/2025(Driver)**

**Statement showing category-wise vacancies for the post of Driver (Group-C) on the establishment of the District Judiciary in the State of Gujarat**

| Sr No | Name of the Establishment | Total Vacancy | Category -wise bifurcation of Total Vacancy | | | | | Posts reserved for women out of Category wise vacancy | | | | | Out of Total vacancy reservation for Ex-serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen | SC | ST | SEBC | EWSs | Gen | SC | ST | SEBC | EWSs | |
| 1 | Ahmedabad CJMC | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Ahmedabad Rural | 2 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 3 | Ahmedabad – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 4 | Ahmedabad – SCC | 4 | 3 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 5 | Amreli – DC | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 6 | Amreli – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 7 | Anand – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 8 | Arvalli – DC | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 9 | Banaskantha – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 10 | Bharuch – DC | 3 | 2 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 11 | Bhavnagar – DC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 12 | Botad – DC | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 13 | Chhota Udepur – DC | 3 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 14 | Dahod – DC | 4 | 2 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 15 | Dahod – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 17 | Devbhumi Dwarka – DC | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 16 | Devbhumi Dwarka – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 18 | Gandhinagar – DC | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 19 | Gandhinagar – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 20 | Gir Somnath – DC | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 21 | Jamnagar – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 22 | Junagadh – DC | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 23 | Junagadh – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 25 | Kachchh – DC | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 24 | Kachchh – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 27 | Kheda – DC | 5 | 3 | 0 | 0 | 1 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| 26 | Kheda – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 29 | Mahisagar – DC | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 28 | Mahesana – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 31 | Morbi – DC | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 30 | Morbi – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 32 | Narmada – DC | 5 | 1 | 1 | 2 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 |
| 34 | Navsari – DC | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 33 | Navsari – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 35 | Panch Mahals – DC | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 37 | Patan – DC | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 36 | Patan – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 39 | Porbandar – DC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 38 | Porbandar – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 40 | Rajkot – DC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 42 | Sabarkantha – DC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 41 | Sabarkantha – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 43 | Surat – DC | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 45 | Surendranagar – DC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 44 | Surendranagar – FC | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 46 | Valsad – DC | 3 | 1 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | TOTAL : | 86 | 64 | 4 | 5 | 12 | 1 | 8 | 0 | 1 | 0 | 0 | 1 |

**Note : CJMC – Chief Judicial Magistrate Court, Ahmedabad City**
**SCC – Small Cause Court, Ahmedabad**
**FC – Family Court**
**DC – District Court**